# રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી નજર ચુકવી તેના ખિસ્સામાંથી રોકડા રૂપિયા તથા મોબાઈલ ચોરી કરતા ઈસમને એક મોબાઈલ તથા રોકડા રૂપિયા ૧૯,૦૦૦/- સાથે ઝડપી પાડતી, સલાબતપુરા પોલીસ.

સુરત શહેરના સલાબતપુરા પો.સ્ટે. વિસ્તારમાં મિલક્ત સબંધી ગુનાઓ શોધી કાઢવા તથા ગુના બનતા અટકાવવા અંગ પો.સ્ટે.ના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો. યશપાલસિંહ મુળુભાને બાતમી હકિકત મળેલ કે રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી મોબાઈલ તથા રોકડા રૂપિયા ની ચોરી કરવાની ટેવવાળો ઈસમ કમેલા દરવાજા પાસે મોબાઈલ વેચવા માટે પોતાની રીક્ષા નં.GJ-05-VA-6850 માં બેસેલ છે જે હકિકત આધારે તપાસ કરતા એક ઈસમ નામે ઈસરાઈલ યુસુફ ચૌહાણ ઉ.વ.૨૫ રહે.બી/૭/૧૫, કમરૂનગર ટેનામેન્ટ લીમ્બાયત, સુરતનો મળી આવેલ જેની અંગ ઝડપી કરતા તેની પાસેથી રૂપિયા ૧૯,૦૦૦/- તથા સેમસંગ કંપનીનો મોબાઈલ મળી આવતા સદર પકડાયેલ ઈસમને તેની પાસે મળી આવેલ મુદ્દામાલના આધાર પુરાવા માંગતા કોઈ આધાર પુરાવા રજુ કરેલ નહી તેમજ કોની પાસેથી લીધેલ છે વિગેરે પુછતા ગલા તલ્લા કરી ઉડાઉ જવાબ આપી કોઈ સદર મુદ્દામાલ કોઈપણ રીતે ચોરી કરી, અગરતો છળકપટ કરી મોબાઈલ મેળવેલ હોય, સદરી ઈસમે પાસે રોકડા રૂપિયા ૧૯,૦૦૦/- તથા મોબાઈલ કિ. રૂપિયા ૪,૦૦૦/- તથા ઓટો રીક્ષા કિ.રૂપિયા ૪૦,૦૦૦/- ના મત્તાની કુલ્લે કિ.રૂપિયા ૬૩,૦૦૦/-ના મુદ્દામાલ માલ સાથે પકડી પાડી, પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.